# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

જે બન્યા છે એકબીજાના દિલને જોડવા હેતુ,
એવા અનેરા છે આપણા સૂર્યપુત્રી ના સેતુ.

જે રસ્તાઓને રસ્તાઓ થી જોડે છે,
જે નદી ના બે કાંઠા ને જોડે છે,
પણ ખરેખર તો આ સેતુ ઓ દિલોથી દિલોને જોડે છે.
Dhakhada Shlok D.

સમયનો સદ્ઉપયોગ થયો,
થયું આવવું-જવું સરળ,
ટ્રાફિકથી મળી મુક્તિ,
જયારે બન્યો બે રસ્તાઓ,
વચ્ચે આ પુલનો માર્ગ,
છે લોક હિતમાં આભારી,
આ પુલ ની સફર.........!
Isha bhalani

# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

ઓવરબ્રિજ
તું છે તો સુરત ના લોકો ને ટ્રાફિક મા રાહત મળે છે.
તું છે તો અમારો એક જગ્યા પરથી બીજી જગ્યા એ
પંહોચવામાં સમય બચાવે છે.
તું જ છે કે જે દૂર હોવા છતા રહો અલગ અલગ વિસ્તાર
ને જોડીને રાખે છે.
તું છે તો અખા દિવાસના થાક પછી લોકો તારી ફુટપાથ
પર બેસી શીંગ,મકાઈ,આઈસક્રીમ ખાવા નો આનંદ અનુભવે છે.
એ તુજ છે જેમણે કેટલાક બે ઘર લોકો ને તારી છત મા આશરો આપ્યો છે.
એ તુજ છે કે વ્રત માં છોકરીઓની પસંદગી છો.
અને આવી અઢળક યાદો થી અમે સુરતવાસીઓ તારા થી જોડાયેલા
છિયે.
સુરતના પુલ ને મારો ખુબ આભાર.
Ankita Ribadiya

તાપીના મધ્ય પર મઢેલ પુલ,
સુરતીઓની શાનમાં ખીલતું ફુલ.
ચારેકોરમાં તહેવારોની લાઇટમાં ઝબકતો પુલ,
રજાઓની લહેણીમાં સુરતીઓ સાથે પુરાવતો સુર.
તાપીના મધનો છે તું તાજ.
સુરતીઓના દિલો પર કરે છે પુલ રાજ.
સરદારનું નજરાણું કેબલ બ્રિજ.
મક્કાઈના બ્રિજથી ફરતી નજર જિલ્લાની બ્રિજમાં પડી કે ડભોલી બ્રિજ
પર મેં સાહેલાણીની મોજ માણી.
પાલ પાસે ફરતો ઓવારો જ્યાં ઉમરા બ્રિજ ફરતે મલકાયો.
Gayatri patel

# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

ટ્રાફિક નું કરી વિભાજન મુસાફરો ને આપે રાહ ,
વરસાદ , તડકા માં સહારો આપે હર કોઈ લે એની નીચે પનાહ....
પાણી માં પણ રહી મક્કમ લોકો ને પહોચાડે મંજીલ
સુધી,
પુલ જોડાયેલા રાખે છે માનવી ને એક બીજા ના ઘર સુધી .....
**Rukhsar Mehmood Ansari**

વાંકાચૂક્કા, અવળા - સવળા, ઉપર - નીચે, ડાબા જમણા,
રસ્તા છે કે નભના પગથીયા, સાંજ પડે સૌ ઉડતા ગગનમાં, શહેર છે કે હૂર
જન્નતમાં, આભ ભણી જઉ, તોય અડચણ ન પામુ, સેતુએ શું રંગ રાખ્યો
સુવાળી સફરમાં.
**Thummar Komal**

પુલોની હારમાળાથી શોભતું રમણીય એક સૂરત શહેર છે.
ચારચોકે જામતા ટ્રાફિકની સમસ્યાઓને ઉકેલવા માટે, આ પુલો,
એકમેકથી સુસંગત ગોઠવાઈ શહેરની શોભા વધારતુ જાય છે.
ચોતરફ પથરાઇને આ શહેરને બાથમાં ભરતું જાય છે.
**Sabhaya Maithilaben Bipinbhai**

# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

પ્રજાજનોના લાભ અને સમયના બચાવનો હતો મુખ્ય હેતુ,
માટે બનાવવામાં આવ્યા બ્રિજ સીટી માં અનેક સુંદર સેતુ.

પ્રાચીન નામ સુર્યપુર જેમ અનેકના જીવનમાં ઉજાશ લાવતું,
ડાયમંડ સિટી રાજ્યનું નંબર વન ૯૮ સેતુનું શહેર ગણાતું.

ડાયમંડ સીટી,ગ્રીન સીટી,બ્રિજ સીટી શું કહું એ નથી સમજાતું,
એક થી બીજા દિલ સુધી લઇજતા સેતુનું આ શહેર ચડિયાતું.
Ravi kalathiya

આનંદ એ નથી કે બ્રીજ બન્યો, ભીડ ઓછી થશે
પણ હાશકારો એ થયો કે કેટલાય ગરીબોને છત મળી..
- જયદીપ પરમાર 'અમી'

જોડે છે એ બન્ને વિસ્તાર ને પણ લાગે બે દિલ ને એ જોડે ,
થોડુંક ચાલતાં આગળ લખ્યું ભયજનક વળાંક !..
( સમજદાર ને એક ઇચ્છારો જ કાફી )
Italiya dharti

# મારી કલમે
# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

ચોરસના બંને ખૂણા જોડે તે કર્ણ કેવાય....
સુરત ના બે ખૂણા જોડે એને સેતુ કેવાય....
નીકળું છું દિવસમાં આવા 2 સેતુ પરથી...
અંદાજે બનાવ્યા છે આવા 20 બંધ ઉપરથી....
ઉનાળાની રાતે આખો પુલ ઉભરાય જાય....
જાણે આખું સુરત અત્યારે જ છલકાય જાય....
નવા નવા બ્રિજ પર બેસવાની મજા....
મોપેડ માં પાછળ દોસ્ત અને પુલ ચડવાની મજા....
રળીયામણું લાગે મારું સુરત આખા જગમાં...
પુલનું શહેર ના નામે વખણાય આખા જગમાં.....
**NISHA VIRADIYA**

લોકો ને એક બીજા થી જોડી, કિંમતી સમય બધા નો બચાવે છે પુલ,
રંગ મિઝાઝ માં રંગાઈ સુરત ના, વિશ્વ્ માં અલગ જ શોભા વધારે છે.
**Kishor Harishbhai Soneji**

પુલ -
એમ તો છું હું માનવ નિર્મિત સિમેન્ટ અને કોંક્રિટનું સુંદર મજાનું માળખું છું.
જે અનેકો મનુષ્ય વચ્ચેના જીવનમાં દિવાલનું નહિ પરંતુ એકબીજાના
સહાયક મિલનનું પ્રતીક બન્યું છું.
**Yash Dhameliya**

# મારી કલમે
# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

એક વાત તો જિંદગીમાં લાગુ પાડવા જેવી છે
આ સિમેન્ટ અને કોંક્રિટ ના પુલની કે કોઈના જીવનમાં કંઈક બનવું હોય તો પુલ બનજો.
બાકી સિમેન્ટ અને કોંક્રિટની દીવાલો તો જીવનમાં બોવ બધી ઊભી છે.
Yash Dhameliya

જેના થકી દેશભરમાં અમારું સુરત બન્યું સિટી ઓફ ધ બ્રિજ
તાપી નદી ના બે છેડાને જોડવા બન્યા અઢળક સેતુ,
ટ્રાફિક ના પ્રશ્નો ને ઉકેલતા, સમયને બચાવતા અમારા આ પુલ
ધંધા રોજગારી સરળ બન્યા, વિદ્યાર્થીઓ ના સહાયક બન્યા
કામરેજ થી પાલ જવું બન્યું આસન કેમ કે હવે છે પુલનો માર્ગ
એક જ પુલ તમને લઈ જાય એક,બે કે ત્રણ રસ્તે
ક્યાંથી જવું, ક્યાંથી ઉતરવું એના માર્ગદર્શક પુલ પર બોર્ડ
એક પુલ ઉપર બીજો અને એની ઉપર ત્રીજો બન્યો પુલ
જાણે કે સુરતની વધારી આન,બાન અને શાન
એવા છે અમારા સુરતમાં ગૌરવવંતા પુલોની ભરમાર.....
Vandan sandip manhroliya



# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

ઓળખાય છે સુરત બ્રીજોના શહેર તરીકે પણ. ક્યાંક ટ્રાફિક ને કારણે તો ક્યાંક તાપી પાર કરવાના ઉદ્દેશ્યથી બનાવાયા છે બ્રીજો .એમાં ખાસ કરીને કેબલ બ્રિજ નો નાઈટ વ્યુ અને સહારા દરવાજા પાસે આવેલ મલ્ટી લેયર બ્રિજ ની તો શું વાત કરવી...

'ટુ વ્હીલર ની હોય સવારી. બ્રિજ પર ચડવાની હોય તૈયારી.
સામેથી અથડાતો પવન. બસ પાંખો ની જ હોય કમી...
Feel like fly
Nikita jasoliya

"દિવસ ઊગતા ની સાથે કામે નીકળી જતા સુરતીઓ, જ્યારે Bridge પર થી પસાર થાય ત્યારે જાણે નગર કોઈ સોનેરી નગરી જેવું લાગે, શિયાળાના ઝાકળમા ઠંડી ની શેર કરતા, ઉનાળામાં દૂર દૂર સુધી નજર નાખતા જાણે સેતુ પર પાણી ના વહેણ લાગતા, ને ચોમાસામાં ખાંડા થી બચાવી ઘરે સુરક્ષિત પહોંચાડતા એવા આ ગજબ પુલ સુરતની શોભા વધારતા"
Divyangi Hardikbhai patoliya

# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

રોજિંદા જીવન હેતુ વરદાન છે આ સેતુ,
બે-ઘરો ની રાત નો વિસામો છે આ સેતુ;
હશે બીજા ઘણા શે'ર કોઈ એક રીતે પ્રખ્યાત,
મારું સુરત તો બહુ-બ્રિજ ના નામે ય પ્રખ્યાત ;
અંબર થી યે જોતા સુરત ના સેતુ લાગે ખૂબ રમણીય;
મારૂ શે'ર લાગે આમ જીવંત, જાણે સેતુ જ એનું હ્રદય.
**Pipaliya Rutvik Maheshbhai**

સોનાની મુરત એવુ મારું સુરત,
એમાં પણ ભાતીગળ લોકો અને વિસ્તાર ને જોડી
બ્રીજો જાણે દરેક સંસ્કૃતિ અને વારસાના દર્શન વધુ ઝડપથી કરાવે છે.
રામસીતા ના મિલમાં જેમ સેતુએ લંકા નજીક કરી હતી
તેવીજ રીતે જાણે ગામની શેરીમાં ઘુમતા હોય એવુજ કરીનાખ્યું છે.
**Savalkumar M Dankhara**

મુસાફરની મંજીલ માટેનો ઝડપી રસ્તો બની ગયો તું,
બે ક્યારેય નહિ ભેગા થનાર રસ્તાઓ અને
બે કિનારાને ભેગા કરનાર તું,
“સેતુ” બની ગયો.
**Vaibhav Mukeshbhai Dholariya**

# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

સુરતનો આધાર છે બ્રિજ,ટ્રાફિકનું કંટ્રોલ મશીન છે બ્રિજ,
બ્રિજ થકી મુસાફરી સરળ બની, લોકોની જીવાદોરી બની.

વાહનવ્યવહાર ધમધમાટના બ્રિજ સુરતને ધમધમતું રાખે છે.
સુરત શહેર ઉપરથી નિહાળી શકાય ઓવર બ્રિજથી.
નદીનાં વહેણને શાંતિથી ઉપરથી જોવાનું માધ્યમ છે સેતુ.
Kalsariya Avanee G
રેતી કપચી સિમેન્ટ થી પુલ રચાય, ને' જોડાય છે બે કિનારાઓ પુલથી
ભાગદોડ ભરી જીંદગી ખર્ચાય છે પુલ પર, છતાં મિત્રો વચ્ચે કિસ્સાઓ
ચર્ચાય છે પુલ પર..
Ashvin Himmatbhai prajapati

"સુરત સેતુ"
સુરતના છેવાડા ટૂંકા થયાં,
અંતર કપાણું સેતુ બંધાણા,
કાયા પલત તો એવી દેખાણી,
નાક ઘરેણું જાણે સુરતનું વર્તાણુ,
-જયદીપ કાનાણી

ધરતીની થોડી ઉપર, આકાશથી થોડું નીચે,
મનુષ્ય પોતાની અમૂલ્ય પળો પુલ પર ગુજારે છે,
થોડી પુલ ની ઉપર, થોડી પુલ ની નીચે,
પછી એ પુલ સુરત નો હોય કે કોલકાતા નો શું ફરક પડે.
Ankita Kuchhadia

# મારી કલમે

# “સેતુ”/ “પુલ”/ “ઓવર બ્રીઝ”

સુરત માં જો પુલ ના હોત તો...
રિંગરોડ ટ્રાફિક થી ભરચક હોત, Employee રોજ Late થઇને
બહાના બનાવતો હોત,
કોઝ વે ની સુંદરતા ના હોત,ને 'બ્રિજ પર પરિવારો ની રાત ની ઉજાણી
ના હોત,
સુરતી ને કાઠિયાવાડી સંગાથ ના હોત ,ને ' કાપડ ને હીરા ની ચમક ના
હોત..
સુરત માં જો પુલ ના હોત તો સુરત, સુરત ના હોત.
**Niraj Sagthiya**

રેતી કપચી સિમેન્ટ થી પુલ રચાય, ને' જોડાય છે બે કિનારાઓ પુલથી
ભાગદોડ ભરી જીંદગી ખર્ચાય છે પુલ પર, છતાં મિત્રો વચ્ચે કિસ્સાઓ
ચર્ચાય છે પુલ પર..
**Niraj Sagthiya**

સર્જાયો શબ્દ સેતુ રામકાળથી,
સેતુ સરજે સંવાદિતા કે સંવાદિતા સરજે સેતુ,
છે આ રહસ્ય રામકાળથી .

સુરતની સુરત છે આ સેતુ, કરાવે જે દર્શન આધુનિકતાના.
અંતે તો એજ રહસ્ય સેતુ થી સંવાદિતા કે સંવાદિતા થી સેતુ.
**Meghal Hirenbhai patel**

# મારી કલમે
# "સેતુ"/ "પુલ"/ "ઓવર બ્રીઝ"

निभाते चलना है संबंधो का पूल है देखो टूटने ना देना विश्वास का सेतू है देखो सदुपयोग करना है शक्तियों का सेतू है बनाते व बांधते चलना है एक नहीं अनेक धर्मों साथ है सभी की भावनाओं को समझते चलना है मानवीय मूल्यों का पुल है
Munisa Kadiwala

સુરતની 80 લાખ ની વસ્તીમાં કલાકોના ટ્રાફિક દૂર કરતા ઓવર બ્રિજ ખરેખર સુરતીઓ માટે સહાયક છે.
આ સહાયક સેતુને કારણે વિધાર્થીઓ તેમજ દૂર જોબ કરતા લોકો સમયસર પહોચતા થયાં છે.
Savalkumar Mohanbhai Dakhara